# VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

PHONE NO: 02622-225542/43, E-mail- vgsbardoli@gmail.com

Class : 8- B/C DATE:____________ SUBJECT :GUJARATI – 2L CH:- 3

---

**1. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો :**
(ઉસ્તાદ, એકવસન, સહર્ષ, માયકાંગલા, ઉપકાર, સાધના, ચાર સંગીન, સંશય)

1. લેખકે અખાડાના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહેવા માટેના નિમંત્રણનો ___________ સ્વીકાર કર્યો.

2. અંતમાં લેખકનો ___________માનવા માટે અખાડાના સંચાલક, પહેલવાન જેવા લાગતા એક ભાઈ ઊભા થયા.

3. અખાડાના સંચાલકના મતે નાનપણમાં જો કસરત કરી હોત, તો લેખક પણ તેના જેવા મજબૂત અને ____________બનત.

4. લેખકને પોતે વ્યાયામની____________ કરવી જોઈએ એમ એક નહિ, અનેક વેળા લાગ્યું છે.

5. પોતાના શરીરને સુધારવાનો પ્રત્યેક માણસનો ધર્મ છે, એ વિશે લેખકને કદી પણ ______________થયો નથી.

6. એક અખાડાના _______________લેખકના વડીલના ઓળખીતા હતા.

7. પરસેવો પાડતાં નહિ શીખો તો _______________રહી જશો.

8. ઉસ્તાદની આજ્ઞા અનુસાર ______________ બની લેખક તૈયાર થઈ ગયા.

**2. નીચેનાં વિધાનોમાંથી ખરા વિધાન સામે ની અને ખોટા વિધાન સામે X ની નિશાની કરો .**

1. "મારી વ્યાયામસાધના' પાઠમાં સુરતના અખાડાનું વર્ણન કર્યું છે. - _______

2. 'મારી વ્યાયામસાધના પાઠના લેખક જ્યોતીન્દ્ર દવેનું શરીર કષ્ટપુષ્ટ અને મજબૂત હતું. _______

3. અખાડાના સંચાલકે જીભ કસી હતી, પણ શરીર કસ્યું નહોતું. _______

4. બોચી પર થયેલા પ્રથમ પ્રહારે જ લેખકનું અનુભાવનું જ્ઞાન જતું રહ્યું હતું. _______

5. શરીર પડ્યું એની સાથે જ લેખકનું હુંપણાનું ભાન જાગૃત થઈ ગયું અને એ ઊભા થઈ ગયા. _______

**3.** નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો:

(1) "એમનું શરીર જોઈને અમને દયા આવે છે." - ____________________

(2) "ભલે પરણ્યો નથી પણ જાનમાં તો ગયો હોઈશ ને" - ______________

(3) "પણ એ અખાડો ક્યાં આવ્યો છે, તે હું જાણતો નથી". ______________

(4) "લંગોટ બંગોટ લાવ્યો છે કે નહિ?" ______________

(5) "ઠીક ત્યારે કુસ્તીના કોડ પૂરા કર." ______________

(6) "જાઓ બચ્ચા ! ઊતરો અખાડામાં. બજરંગ બલીની જે". ______________

(7) "ખાડાને આ લોકો અખાડો કહેતા હશે એવી કલ્પના । મને શી રીતે આવે?" ______________

(8) "મને ઘરેથી દંડબેઠક કરવાનું કહ્યું છે." ______________

(9) "મને આમ ન ફાવે, મને જવા દો." ______________

(10) "એ શરીરના દાવપેચ જાણતો હશે તો હું મગજ જાણું છું." ______________

**4.** નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો :

(1) અખાડા કરવા – ન ગણકારવું, (અહીં) બહાનાં બતાવવાં

વાક્ય : બહેન જ્યારે ભાઈને કામ બતાવે છે, ત્યારે તે કામ કરતો નથી અને અખાડા કર્યા કરે છે.

(2) ચહેરો ઊતરી જવો – મોં ફિક્કું પડી જવું

વાક્ય : પોતે ધારેલું પરીક્ષાનું પરિણામ ન આવવાથી મોહનનો ચહેરો ઊતરી ગયો.

(3) અધ્યાહાર હોવું –અર્થ સમજવા અનુક્ત પદ અથવા અર્થનું ઉમેરવું, વાક્યમાં પદ ન હોય પણ સમજી લેવાય.

વાક્ય : સાહેબે પૂછ્યું ત્યારે મેં કહ્યું કે-હા, ગૃહકાર્ય કર્યું છે; પણ વાક્યમાં કર્તા અધ્યાહાર હતો.

(4) રોટલો રળવો - કમાવું

વાક્ય : જીવનમાં પરસેવો પાડીને રોટલો રળવો એ ખુમારીનું કામ છે.

(5) નજર ફેરવવી – ઉપર ઉપરથી જોઈ લેવું

વાક્ય : શેઠે ચોકીદાર માટે બોલાવેલા છોકરાના આખા શરીર ઉપર નજર ફેરવી લીધી.

(6) ધસી આવવું – જોશથી આગળ આવવું

વાક્ય : નાની બાળકીને પાણીમાં ડૂબતી બચાવવા જુવાનિયો ટોળામાંથી ધસી આવ્યો.

(7) કોડ પૂરા કરવા – ઈચ્છા પૂર્ણ કરવી

વાક્ય : માતા કોઈ પણ ભોગે પોતાના દીકરાના કોડ પૂરા કરેછે.

## 5.આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

(1) અહીં, અખાડો, સ્નેહ, સંમેલન

______________________________

(2) મહેમાન, મુખ્ય, નિમંત્રણ, સહર્ષ

______________________________

(3) પ્રવૃત્તિ, પ્રમાણ, ઉપકાર, યોગ્યતા

______________________________

(4) વ્યાયામ, વિરોધ, બેદરકાર, બેપરવા

______________________________

(5) શરીર, સાધના, સમજી, વ્યાયામ

______________________________

## 6. નીચેના શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો:

(1) સ્તુતી - ___________ (2) મેહમાન - ___________ (3) વીરોધ - ___________

(4) કબુલ - ___________ (5) સિધ્ધાંત - ___________ (6) પ્રતિતી - ___________

(7) પરીચય - ___________ (8) આશ્ચર્ય - ___________ (9) કુશ્તી - ___________

**7. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો:**

(1) કર્તવ્ય - ___________ (2) સ્તુતિ -___________ (3) ભ્રમ - ___________ (4) કબૂલ - ___________

(5) સંભવ - ___________ (6) પ્રતીતિ - ___________ (7) સંશય - ___________ (8) આશ્ચર્ય - ___________

(9) દાવપેચ- ___________ (10) તિરસ્કાર- ___________ (11) ઈજા- ___________ (12) અક્કલ-___________

(13) ચંચળ- ___________ (14) શકટ- ___________ (15) વિક્ષેપ - ___________